# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


તા.૨૩/૦૫/૨૦૨૫ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૯૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૨૪૬ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બીયરટીન, ૦૧ કાર અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૯૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૦૦/૨૦૨૫**

**વેજલપુરઃ** રાજેશ લાલુભાઇ બુચ (ઉ.વ.૨૦)(રહે.આયત હાઇટ્સ, ઝમઝમ એપાર્ટમેન્ટની બાજુમાં, જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૫/૨૦૨૫ રાતના ૧૧/૫૫ વાગ્યા પહેલા આયાત હાઇટ્સ સ્કીમની પતરાવાળી ઓરડીમાં છતની એંગલના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અમિતકુમાર નરસિંહભાઇ ચલાવે છે.

**રામોલઃ** જસવંતભાઇ ઇશ્વરભાઇ પંચાલ (ઉ.વ.૬૩)(રહે.ગાયત્રીકુંજ સોસાયટી, અનુપ એસ્ટેટ પાછળ, ભકતીનગર સામે, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૫/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે રસોડામા છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

**નારોલઃ** સદ્દામહુસેન તૈયબઅલી શેખ (ઉ.વ.૨૮)(રહે. ચિસ્તિયા પાર્ક સોસાયટી, કેનાલ પાસે, નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૫/૨૦૨૫ ના કલાક ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરની આગળ ખુલ્લી ઓશરીમાં દિવાલમાં લગાવેલ લાકડા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી